નંબર–૧

# નોટિસ પેપર ભાગ–૧
# વિધેયકો, પ્રસ્તાવો, સંકલ્પો વિગેરેની સૂચનાઓ
# પંદરમી ગુજરાત વિધાનસભા
# ત્રીજું સત્ર
# મંગળવાર, તા.૧૨મી સપ્ટેમ્બર, ૨૦૨૩

## ૧. સરકારી વિધેયકો :

### (અ) દાખલ કરવા માટેનાં વિધેયકો :

(૧) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૨૩નું ગુજરાત કરવેરાને લગતા કાયદા (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૨૩નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૨૩નું ચાંપાનેર–પાવાગઢ આર્કિયોલોજીકલ પાર્ક વર્લ્ડ હેરીટેજ એરીયા મેનેજમેન્ટ ઓથોરીટી (રદ કરવા બાબત) વિધેયક.

(૪) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૨૧–સન ૨૦૨૩નું બાળ વિશ્વવિદ્યાલય (સુધારા) વિધેયક.

(૫) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૨૩નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક.

(૬) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૨૩–સન ૨૦૨૩નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક.

(૭) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૨૩નું ગુજરાત નેચરલ ફાર્મિંગ અને ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

(૮) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૨૩નું ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક.

(૯) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૨૬–સન ૨૦૨૩નું ગુજરાત ખેત–ઉત્પન્ન અને ખરીદ–વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) (સુધારા) વિધેયક.

૨.....

**(બ) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં વિધેયકો :**

(૧) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૨૩નું ગુજરાત કરવેરાને લગતા કાયદા (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૨૩નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૨૩નું ચાંપાનેર–પાવાગઢ આર્કિયોલોજીકલ પાર્ક વર્લ્ડ હેરીટેજ એરીયા મેનેજમેન્ટ ઓથોરીટી (રદ કરવા બાબત) વિધેયક.

(૪) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૨૧–સન ૨૦૨૩નું બાળ વિશ્વવિદ્યાલય (સુધારા) વિધેયક.

(૫) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૨૩નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક.

(૬) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૨૩–સન ૨૦૨૩નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક.

(૭) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૨૩નું ગુજરાત નેચરલ ફાર્મિંગ અને ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

(૮) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૨૩નું ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક.

(૯) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૨૬–સન ૨૦૨૩નું ગુજરાત ખેત–ઉત્પન્ન અને ખરીદ–વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) (સુધારા) વિધેયક.

**૨. વૈધાનિક પ્રસ્તાવ સિવાયના સરકારી સંકલ્પો (નિયમ–૧૨૦):**

**(૧) શ્રી જગદીશ વિશ્વકર્મા, ઉદ્યોગ મંત્રીશ્રી (રાજયકક્ષા)નો સંકલ્પ**

દેશની રાજધાની દિલ્હી ખાતે ભારત મંડપમમાં આયોજીત જી–૨૦ની બે દિવસની બેઠક તાજેતરમાં સંપન્ન થઈ છે.

વર્ષ ૧૯૯૯ની નાણાકીય કટોકટી બાદ જી–૨૦ની સ્થાપના થઈ હતી. ભારતના દિર્ઘદ્રષ્ટા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના અવિરત પ્રયાસોને કારણે ભારતને જી–૨૦નું પ્રમુખપદ હાંસલ થયેલ છે. ભારત ૧ ડિસેમ્બર, ૨૦૨૨ થી ૩૦ નવેમ્બર, ૨૦૨૩ સુધી જી–૨૦નું પ્રમુખપદ સંભાળી રહેલ છે.

વૈશ્વિક નેતૃત્વ પુરૂ પાડનાર વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ દેશભરમાં જી-૨૦ની ૨૦૦થી વધુ બેઠકો ૬૦ જેટલા અલગ-અલગ સ્થળોએ સફળતાપૂર્વક યોજવામાં આવી. આ પૈકી ગુજરાતને ૧૭ બેઠકોની યજમાની કરવાની તક મળી છે.

જી-૨૦ ગ્રુપના દેશોની કુલ જી.ડી.પી વૈશ્વિક જી.ડી.પી. ના અંદાજે ૮૫ ટકા છે. જયારે આંતરરાષ્ટ્રીય વ્યાપારનો અંદાજે ૭૫ ટકા હિસ્સો આ દેશો ધરાવે છે અને તે રીતે જી-૨૦ દેશોના નિર્ણયોથી વૈશ્વિક અર્થવ્યવસ્થા સ્વભાવિક રીતે પ્રભાવિત થાય છે. સદરહુ સમિટના તખ્તા પરથી ભારતે અનેક આર્થિક સિધ્ધિઓ હાંસલ કરી છે જેના કારણે વિશ્વની ત્રીજા નંબરની આર્થિક મહાસત્તા બનવાના લક્ષ્યને હાંસલ કરવામાં તેમજ સને ૨૦૨૫ સુધીમાં ભારતમાં ત્રણ ટ્રીલીયન ડોલરથી વધુનું આવનાર રોકાણ મહત્વનું બની રહેશે. આજ બતાવે છે કે, ભારત એટલે બિઝનેસ.

ભારત મંડપમ ખાતે સમિટના અંતિમ સત્રમાં આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે ૫૫ દેશોના સંગઠન આફ્રિકન સંઘનો જી-૨૦માં કાયમી સભ્યપદ તરીકે સ્વીકાર કરવો તે ભારતના પ્રમુખપદ માટે એક સીમાચિન્હરૂપ સિધ્ધિ છે.

આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ભારતે મોટી કૂટનીતિક સરસાઈ મેળવી લીધી છે અને વૈશ્વિક સમસ્યાઓ તેમજ પડકારોના ઉકેલ લાવવામાં ભારતનો અવાજ આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ મજબૂત બન્યો છે.

અમેરિકા જેવી મહાસત્તાના પ્રમુખ બાઈડેને પણ આ પ્રસંગે ઉલ્લેખ કરેલ કે ભારતના પ્રમુખપદે સાબિત કર્યુ છે કે જી-૨૦ વિશ્વના મહત્વના મુદ્દાઓનો ઉકેલ લાવવા સક્ષમ છે. વૈશ્વિક સ્તરે ભારતનો ડંકો વાગી ચૂકયો છે. જોગાનુજોગ અમૃતકાળમાં જ ભારતના એક નવા યુગનો શાનદાર પ્રારંભ થઈ ચૂકયો છે, જે ગુજરાત અને રાષ્ટ્ર માટે ગૌરવની બાબત છે.

સમિટમાં અમેરિકાના પ્રમુખ ઉપરાંત બ્રિટનના વડાપ્રધાન, જાપાન, ઈટલી, જર્મની, બાંગ્લાદેશ તેમજ ઈન્ડોનેશિયાના વડાપ્રધાન, સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ, સંયુક્ત રાષ્ટ્રસંઘના મહાસચિવ સહિત અનેક મહાનુભાવોએ ભાગ લઈ અનેક રચનાત્મક સૂચનો કરેલ છે. સમિટમાં ઉપસ્થિત સૌ મહાનુભાવોએ ભારતની ભવ્યતાની ઝાંખી પણ નિહાળી. આદરણીય વડાપ્રધાને વૈશ્વિક મંચ પર પણ સર્વસમાવેશક વિકાસની તરફેણ કરી સૌનો આદર મેળવ્યો.

સદરહુ સમિટમાં સર્વાનુમતે નવી દિલ્હી ઘોષણાપત્ર પણ જાહેર કરાયું. સમિટમાં ગ્લોબલ બાયો ફ્યુઅલ એલાયન્સની ઘોષણા, ભારત-મધ્યપૂર્વ અને યુરોપ વચ્ચે ઈકોનોમિક કોરીડોરની રચનાનો પ્રસ્તાવ, પર્યાવરણ અને કલાઈમેન્ટ

૪.....

ચેન્જ ઉપર નિરિક્ષણ માટે ઉપગ્રહ લોન્ચ કરવાની યોજના જેવી બાબતો હાથ ધરાઈ. સમિટમાં જી–૨૦ દેશોએ એક અવાજે એવી પણ ચેતવણી ઉચ્ચારી કે પરમાણુ હથિયારોનો ઉપયોગ અથવા તેની ધમકી સાંખી નહિ લેવાય. ૩૭ પાનાના ઘોષણાપત્રમાં પણ યુક્રેનનો ઉલ્લેખ કરી કહેવાયું કે આજનો સમય યુધ્ધનો નથી.

સંગઠનના બધા જ દેશોએ આંતકવાદની ટીકા કરી હતી તેટલું જ નહિ પણ આંતકી જૂથોને આશ્રય, આર્થિક અને રાજકીય સમર્થન મળતું રોકવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગની હિમાયત કરી હતી. "વન અર્થ" સત્રને સંબોધન કરતાં આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે આપણે બધાએ સાથે મળીને ચાલવાનો સમય છે અને "સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ" નો મંત્ર આપણા સૌ માટે માર્ગદર્શક બની શકે છે અને સૌએ સાથે મળીને સંયુક્ત રાષ્ટ્રના ઉદ્દેશો અને સિધ્ધાંતોને અનુરૂપ પણ કામ કરવું જોઈએ.

આજે જયારે વૈશ્વિક અર્થતંત્ર અનેક પડકારોનો સામનો કરી રહ્યું છે, આબોહવા પરિવર્તન સાથે સંકળાયેલા પડકારો અને યુધ્ધની પરિસ્થિતિ વચ્ચે પણ આદરણીય વડાપ્રધાનના દ્રઢ મનોબળ, વૈશ્વિક નેતૃત્વની પ્રભાવી છાપ, કૂટનીતિ સાથે શાંતિદૂત બનીને મોટાભાગના મુદ્દાઓનો સમિટમાં વાટાઘાટોથી ઉકેલ લાવી શકાયો તે ભારત માટે ગૌરવની બાબત છે.

"એક ધરતી, એક પરિવાર, એક ભવિષ્ય" ની રૂપરેખા સંપન્ન થાય, સમગ્ર વિશ્વમાં આશા અને શાંતિનો સંચાર થાય તેવી કામના સાથે આદરણીય વડાપ્રધાને જી–૨૦ બેઠકનું સમાપન કર્યું.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વૈશ્વિક સમસ્યાઓ અને તેના સમાધાન પર થયેલ વિચાર મંથન બ્રાઝિલના નેતૃત્વ હેઠળ આગામી સમયમાં મહત્તમ પરિણામલક્ષી બની રહે તે માટે ભારતના વડાપ્રધાન સતત માર્ગદર્શક બનતા રહે તેવી આ સભાગૃહ તેઓશ્રીને શુભેચ્છા પાઠવે છે તેમજ જી–૨૦નું નેતૃત્વ શોભાવવા બદલ કોટી–કોટી વંદન કરી હાર્દિક અભિનંદન પાઠવે છે.

## (૨) **<u>શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી (રાજ્યકક્ષા)નો સંકલ્પ</u>**

દેશના યશસ્વી વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘ દૃષ્ટિ, સતત પ્રેરણા અને નેતૃત્વના પરિણામ સ્વરૂપ અને ભારતીય અવકાશ સંશોધન કેન્દ્ર (ISRO)ના વૈજ્ઞાનિકોના અથાગ પ્રયાસોથી દુનિયાના ઈતિહાસમાં સૌ પ્રથમવાર ચંદ્રયાન મિશન અંતર્ગત ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર "ચંદ્રયાન–૩" નું સફળ

ઉતરાણ થયુ છે. જે ઘટના સમગ્ર દેશ માટે રાષ્ટ્રીય ગૌરવ છે. તેમજ સૂર્યમિશન અંતર્ગત સૂર્યની વિવિધ ગતિવિધિઓના સંશોધન અર્થે "આદિત્ય એલ–૧" ને સફળતાપૂર્વક અવકાશમાં મોકલવા બદલ આ સભાગૃહ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી તેમજ આવા સાહસપૂર્ણ ભગીરથ કાર્ય સાથે સંકળાયેલા ઈસરોના વૈજ્ઞાનિકોને અને અન્ય તમામ ટેકનીકલ તજજ્ઞોને હાર્દિક અભિનંદન પાઠવે છે.

## ૩. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨):

### માનનીય સભ્યશ્રી શિવાભાઇ ગોહિલનો પ્રસ્તાવ

ભારતના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની પ્રેરણા થકી **"આઝાદી કા અમૃત મહોત્સવ"**નો પ્રારંભ ૧૨મી માર્ચ, ૨૦૨૧ના રોજ સાબરમતી થી દાંડી સુધીની કૂચ સાથે થયો હતો. આ મહોત્સવની ઉજવણીના ભાગરૂપે માનનીય વડાપ્રધાનશ્રીએ ''મન કી બાત'' કાર્યક્રમ દરમ્યાન **"મેરી માટી મેરા દેશ"**અભિયાનની જાહેરાત કરી હતી. આ અભિયાનનો હેતુ બહાદુર સ્વાતંત્ર્ય સેનાનીઓ અને વીર શહીદોને યાદ કરીને નમન કરવાનો હતો, જેમણે દેશ માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું છે.

જેમણે પોતાનું સમગ્ર જીવન દેશની આઝાદી અને દેશની રક્ષા માટે સમર્પિત કર્યુ હતું તેવા ભારતના વીર અને વીરાંગનાઓના અમૂલ્ય યોગદાનને બિરદાવતા અને દેશની સિધ્ધિઓને દર્શાવતાં **"મેરી માટી મેરા દેશ"** અભિયાનનો રાજ્યવ્યાપી શુભારંભ ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ દ્વારા તા.૯મી ઓગષ્ટ, ૨૦૨૩ના રોજ વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે સોનગઢ તાલુકાના ગુણસદા ગામમાં ખાસ ઉપસ્થિત રહીને કરવામાં આવ્યો હતો.

આ અભિયાનના ભાગ રૂપે આપણા રાજ્યમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકા સ્તરે સ્વાતંત્ર્ય સેનાનીઓ અને સુરક્ષા દળોને સમર્પિત **"શિલા ફલકમ્"**ની સ્થાપના,પંચપ્રણ સંકલ્પ, વસુધા વંદન અને વીરો કા વંદન જેવા કાર્યક્રમોની સફળતાપૂર્વક ઉજવણી કરવામાં આવી છે. તેમજ રાજયના માન. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના પથદર્શક તરીકે માન. વડાપ્રધાનશ્રીના આહવાનને ઝીલી લઇ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રજાજનોનો ઉત્સાહ વધારી સમગ્ર કાર્યક્રમને સફળતાપૂર્વક આગળ ધપાવવા નેતૃત્વ પુરું પાડ્યું છે.

આ કાર્યક્રમમાં ગામેગામથી માટીના કળશ તાલુકા કક્ષાએ અને તાલુકા કક્ષાએથી જિલ્લામાં લઇ જવામાં આવશે. આ પ્રસંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન

કરવામાં આવ્યું છે. સમગ્ર રાષ્ટ્રમાંથી એકત્રિત થયેલ માટીમાંથી કર્તવ્યપથ ઉપર અમૃતવાટિકા બનાવવામાં આવશે. આ વાટિકા દેશના નાગરિકોને વીર શહીદોની યાદ અપાવશે અને લોકોના દિલમાં રાષ્ટ્ર ભાવના જાગૃત કરી તેને બળવત્તર બનાવશે તેવી અપેક્ષા રાખવામાં આવી છે. આથી આ અભિયાનના પ્રચાર પ્રસાર દ્વારા રાજ્યના તમામ લોકો તેમાં જોડાઈ જઈને દેશભક્તિના ઉત્સાહના માહોલમાં **‘‘મેરી માટી મેરા દેશ’’** અભિયાનને સફળતાપૂર્વક પાર પાડવા અંગે આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ડી. એમ. પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**